India time
9:57:26pm
Local time
0:27:26pm

સવારે ચા, સાંજે
અકિલા
તા. ૧૨ માર્ચ ૨૦૦૭ વિક્રમ સંવંત ૨૦૬૩ ફાગણ વદ - ૯ સોમવાર

## અમેરિકામાં બોચાસણવાસી અક્ષર પુરૂષોત્તમ સ્વામીનારાયણ સંસ્થા દ્વારા પ્રથમ વખત ગુજરાતી સ્પેલિંગ બી સ્પર્ધા યોજાઇ : હ્યુસ્ટન ખાતે આયોજન : માતૃભાષા જ્ઞાનને પ્રોત્સાહન આપવાનો ઉદ્દેશ

હ્યુસ્ટન, તા.૧૨ : સાંસ્કૃતિક મૂલ્યોનું જતન કરાવવા અને બાળકોનું ગુજરાતી ભાષાનું જ્ઞાન મેળવવા પ્રોત્સાહીત કરવાના હેતુસર અમેરિકામાં પ્રથમ વખત ગુજરાતી સ્પેલીંગ બી સ્પર્ધાનું આયોજન તાજેતરમાં હ્યુસ્ટન ખાતે કરવામાં આવ્યું હતું. બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સ્વામીનારાયણ દ્વારા યોજાયેલ આ સ્પર્ધામાં અમેરિકામાં રહેતા ઘણા બાળકોએ ઉમંગભેર ભાગ લીધો હતો જ્યાં તેમની માતૃભાષાના જ્ઞાનની ચકાસણી કરવામાં આવી હતી. આ સ્પર્ધામાં ૨૮ બાળકો પોતાના વાલીઓ સાથે ભાગ લેવા આવ્યા હતા. દરેક બાળકોએ પોતાની માતૃભાષાના જ્ઞાન દર્શન કરાવી ત્યાં ઉપસ્થિત રહેલ વ્યકિતઓને આશ્ચર્યમાં નાંખ્યા હતા. આ સ્પર્ધામાં ભાગ લનાર બાળકોના માતા-પિતા ખુબજ ખુશ હતા. તેમને એ જાણીને ખુબ જ આનંદ થયો હતો કે તેમના સંતાનોને ગુજરાતી શીખવામાં રસ છે. દક્ષિણ અમેરિકામાં બાળ પ્રવૃત્તિઓ ચલાવતા હરીદર્શન સ્વામીના જણાવ્યાનુસાર આ સ્પર્ધાએ બાળકો અને તેમના વાલીઓને પ્રેરણા આપી છે. હવે તેઓ રાષ્ટ્રીય સ્તરે આ પ્રકારની સ્પર્ધાઓનું આયોજન કરવા માંગે છે.

સ્પેલિંગ બી સ્પર્ધાના વિજેતા

શિક્ષક : જયેશ પટેલ, અલ્કેશ પટેલ

વિજેતા : પ્રથમ : શીવમ બરાઈ, દ્વિતીય વંદન હરીયાણી તૃતિય : મેહુલ પટેલ

ગ્રુપ - ૨

શિક્ષક : ભુપેન્દ્ર પટેલ

વિજેતા : પ્રથમ : સિધ્ધાર્થ કોટેચા, દ્વિતીય : રાજ પટેલ, તૃતિય : અવિનાશ કોટેચા

ગ્રુપ - ૩

શિક્ષક : સુધાન પટેલ

વિજેતા : પ્રથમ : સ્નેહ પટેલ, દ્વિતીય : આકાશ પટેલ, તૃતિય : તિલક અમીન

ગ્રુપ - ૪

શિક્ષક : રમેશ દવે

વિજેતા : પ્રથમ : કુશ મોડાસીયા, દ્વિતીય : મયુર પટેલ, તૃતિય : રોમીલ પટેલ

Best viewed in 800 X 600 Pixels IE 4.0 or Netscape 6.0 or Higher Versions
© 2003 - 2004 Akila daily, All Rights Reserved.